ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૩-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### મુફતીની દોસ્તી ભાજપને મોંઘી પડશે

જમ્મુ અને કાશ્મીરમાં સ્થિર સરકાર આપવાના ઉદ્દેશથી પીડીપીએ કેન્દ્રમાં શાસન કરતાં ભાજપ સાથે સત્તાની ભાગીદારી તો સ્વીકારી પરંતુ બેઉ પાર્ટીઓના ગઠબંધન પ્રસંગે નક્કી થયેલ 'કોમન મિનિમમ પ્રોગ્રામ'ને વળગી રહેવાને બદલે મુખ્યમંત્રી મુફ્તી મહંમદ સઇદ એમની મનમાની કરવા લાગ્યા છે, તેથી ભાજપ માટે ભારે ભોંઠપભરી સ્થિતિ સરજાવા લાગી છે એમનાં પાકિસ્તાન પરસ્તી દર્શાવતાં નિવેદનોની શાહી હજી સુકાઇ નહોતી ત્યાં બારામુલ્લા જેલમાં કારાવાસ ભોગવી રહેલા ભાગલાવાદી નેતા મસરત આલમને છોડી દઇ એમને સાથી પક્ષને શરમજનક હાલતમાં મૂકી દીધો છે. વિપક્ષોને નરેન્દ્ર મોદી અને ભાજપ વિરુદ્ધ ઊહાપોહ કરવાનો તૈયાર મુદ્દો ચાંદીની તાસકમાં આપી દેનાર મુફ્તી કે એમની પાર્ટીને અલગતાવાદીઓ સાથેના એના આ પ્રકારના વહેવારમાં કંઇ જ ખોટું દેખાતું નથી. ભાજપની નેતાગીરી એને પીડીપીનો એકતરફી નિર્ણય ગણાવે છે પરંતુ પીડીપીનો દાવો છે કે સરકારના નિર્ણયમાં ભાજપ પણ સામેલ હતું. જેના માથા પર દસ લાખનું ઇનામ હતું એને જેને પકડવા માટે પોલીસને ભારે જહેમત ઉઠાવવી પડી હતી એવો આ રીઢો ગુનેગાર મસરત આલમ હુરિયતના કટ્ટરવાદી જૂથ મુસ્લિમ લીગનો ચેરમેન છે. એ વૃદ્ધ થઇ ગયેલા હુર્રિયત નેતા સૈયદ અલીશાહ ગિલાનીનો રાજકીય વારસ ગણાય છે. ભારત વિરોધી દેખાવો બદલ ૨૦૧૦માં એમી સામે દેશદ્રોહનો આરોપ છે. પરંતુ આવા રીઢા ગુનેગારને છોડવામાં જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રીને કશું જ ખોટું થયું હોય એમ નથી લાગતું. વિપક્ષોએ આ મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નિવેદન માગ્યું છે. ભાજપ ભારે ભીંસમાં મુકાઇ ગયેલ છે. યોગી આદિત્યનાથ જેવા ભાજપના સાંસદોએ પણ પીડીપીની આવી દાદાગીરી સામે લાલ આંખ કરી છે. વડાપ્રધાન કાર્યાલયે જમ્મુ-કાશ્મીર સરકાર પાસે ખુલાસો માગ્યો છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, વિશ્વ હિન્દુ પરિષદ સહિત તમામ હિંદુત્વવાદી સંગઠનોએ મુફ્તી સરકારના આ પગલા સામે વિરોધ નોંધાવ્યો છે. ભાજપના સૌથી જૂના સાથી શિવસેનાએ તો 'સામના'માં મુફ્તી માટે 'ગીદડ કી ઔલાદ' જેવો બીભત્સ શબ્દપ્રયોગ કર્યો હતો. કોંગ્રેસે મુફ્તીનાં પૂતળાં બાળ્યાં છે અને આ મુદ્દે વડાપ્રધાન સંસદમાં ખુલાસો કરે એવી માગણી મૂકી છે. જદ(યુ) સહિત બીજા વિપક્ષોને પણ સત્તા ખાતર કરાયેલા આ 'અનૈતિક' ગઠબંધન સામે તીખા કટાક્ષો કરવાની તક સાંપડી છે. ભાજપના નેતાઓ રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઇ ગયા છે, ત્યાં સુધી કે ભવિષ્યમાં આ ગઠબંધનનું ગાડું કેટલું ગબડશે એ મુદ્દે શંકાકુશંકાનું વાતાવરણ પ્રવર્તી રહ્યું છે. વિશ્વ હિંદુ પરિષદના નેતા ડો. પ્રવિણ તોગડિયાએ તો જો મુફ્તી સરકાર એનો નિર્ણય નહીં બદલે તો એમને સત્તા પરથી ઉઠાવી મુકાશે એવી ચીમકી આપી દીધી છે. મુફ્તીની પાકિસ્તાન પરસ્તીથી ભાજપ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અજાણ નહોતાં, છતાં જમ્મુ અને કાશ્મીરમાં સત્તાની ભાગીદારી કરવા માટે ઉતાવળા થયાં એમાં માઠાં ફળ એમને ભોગવવાં પડે છે. હાથનાં કર્યાં હૈયે વાગે તે આનું નામ. સદનમાં ગૃહમંત્રી રાજનાથ સિંહના જવાબથી સંતુષ્ટ નહીં થયેલાં વિપક્ષે વડાપ્રધાનના ખુલાસાનો આગ્રહ રાખ્યો હતો, જે મુજબ વડાપ્રધાન મોદીએ 'સમય વર્તે સાવધાન' મુજબ આ આ આક્રોશ ફક્ત એકાદ-બે પાર્ટીઓનો નહીં પરંતુ આખા સદનનો છે, સમગ્ર દેશનો છે એવો જવાબ વાળી પોતે પણ મુફ્તી સરકારના પગલાંનો વિરોધ કરતા હોવાની અને ભવિષ્યમાં જરૂરી પગલાં લેવાની ખાતરી સાથે પોતાની રાષ્ટ્રભક્તિની પ્રતીતિ કરાવી હતી. કાશ્મીરમાં બનતી ઘટનાઓ દેશ આખામાં ભાજપની ઇમેજને ખરડી રહી છે ત્યારે મોદીનો આ શાબ્દિક બચાવ કેટલો કારગત નીવડશે તે સમય જ કહેશે.

# બોર્ડના પરીક્ષાર્થીઓના ઘર શુભેચ્છકોથી છલકાઈ રહ્યા છે

## ચોકલેટ, પેન અથવા રોકડ આપી શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરોના અપાતા આશિષ, વિદ્યાર્થીઓને પહોંચતી ખલેલ

ગાંધીનગર, તા. ૯

રાજ્યભરમાં તા. ૧૨મી માર્ચથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. બોર્ડ દ્વારા આ અંગે તડામાર તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. જેમાં સીસીટીવી અને ટેબ્લેટ થકી પરીક્ષાની તમામ કાર્યવાહી ઉપર બાજ નજર રખાશે જેથી પ્રથમ વખત સ્કવોર્ડ વગર પરીક્ષાઓ યોજાશે. બીજી તરફ બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓના ઘરે સગાસંબંધી તથા હિતેચ્છુઓની શુભેચ્છા આપવા માટેની મુલાકાતો શરૂ થઈ ગઈ છે જેથી વિદ્યાર્થીઓમાં ખલેલ પહોંચતી રહી છે. છતાં લાગણી અને હિત ધરાવતા મુલાકાતીઓના આશીર્વાદ અચુક મેળવી લે છે. તેમજ શુભેચ્છા તરીકે ચોકલેટ,પેન કે રોકડ આપવાનો સિલસિલો ચાલુ રહેતા બજારમાં પણ તેની માંગ વધી છે.

બોર્ડ પરીક્ષાનો ૧૨મી માર્ચથી પ્રારંભ થાય છે ત્યારે સલંગ્ન તંત્ર કામે વળગી ગયું છે. શિક્ષણ વિભાગ, કલેક્ટર, પોલીસ તથા શાળા મંડળો વચ્ચે બેઠકોનો દોર કરી સહેજ પણ ગેરરીતી ન થાય તેની કાળજી રાખવા સુચનો અપાયા છે. તો શાળાઓમાં પણ સીસીટીવી અને ટેબ્લેટ થકી પરીક્ષા કામગીરીની દેખરેખ રાખવાની હોઈ આ ઈલેક્ટ્રોનીક્સ સામાનની પણ ચકાસણી કરી લેવાઈ છે. બોર્ડના પ્રથમ વખતના અજમાઈસી ધોરણે સ્કવોડ વગર પરીક્ષા લેવાનો નિર્ણય લેવાયો છે જેથી વિદ્યાર્થીઓમાં સ્કવોડ અંગેનો ભય દૂર થશે અને શાંતિથી પરીક્ષા આપવાનો માહોલ ઉભો થશે તેવુ વાલી વર્ગ જણાવી રહ્યો છે.

બોર્ડ દ્વારા કડક બંદોબસ્ત અને પુરતી તૈયારીઓ હોય છે જેથી પરીક્ષાર્થીઓમાં બોર્ડની પરીક્ષાનો એક અલગ જ માનસિક તનાવ હોય છે જે માટે પરીક્ષા આપતા વિદ્યાર્થીઓના શુભ ચિંતકો અને સગા સંબંધીઓ આ વિદ્યાર્થીઓના ઘરે જઈ ચોકલેટ આપી મોં મીઠું કરાવી પેન આપી શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરોના આશીર્વાદ આપવા હાલ મુલાકાતો શરૂ થઈ ગઈ છે. જો કે વિદ્યાર્થીઓ અંતિમ તૈયારીઓમાં વ્યસ્ત હોય છે જેથી વાલી સાથે બેઠક કરી વિદ્યાર્થીને આશિષ અપાય છે. જે કારણે હાલ બજારમાં ચોકલેટ, પેન કે અન્ય વસ્તુઓની માંગમાં પણ જબરદસ્ત ઉછાળો આવ્યો છે. તકેદારીના પગલાં માટે શિક્ષણવિદોએ મુલાકાતીઓને શુભેચ્છા મુલાકાત બંધ કરી વિદ્યાર્થીઓને અભ્યાસમાં ખલેલ ન પહોંચાડવા અપીલ કરી છે. જેથી ગાંધીનગર સમાચારનો પરિવાર પરીક્ષાર્થીઓને પરીક્ષાની હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

# મહિલા દિને નાટક 'મિસિસનો મિસકોલ' રજુ કરાયું

ગાંધીનગર, તા. ૯

ગુજરાત સંગીત નાટક અકાદમીના સહયોગથી સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે શબ્દશ્રી નિર્મિત નાટક 'મિસિસનો



મિસકોલ' તા. ૮ માર્ચ રવિવારે રાત્રે ૯.૦૦ કલાકે ટાઉનહોલ, અમદાવાદ ખાતે નિઃશુલ્ક પ્રવેશ આપીને જાહેર પ્રયોગ કર્યો હતો.

કવિ ચિનુ મોદીએ નાટક 'મિસિસનો મિસકોલ'નું દીપ પ્રાગટ્ય કરી વિધિવત શુભારંભ કર્યો અને સૌ કલાકાર-કસબીઓને આશીર્વચન આપ્યા.

ચિનુ મોદીએ કહ્યું કે 'નાટક એ સમાજનું દર્પણ છે અને વિશ્વ મહિલા દિનના દિવસે નારી સંવેદના અને સામાજિક પાસાઓને ધ્યાનમાં રાખીને હળવી રમુજ શૈલીના આ નાટકમાંથી હાજર પ્રેક્ષકોને ચોક્કસ શીખ મળશે અને હું આશા રાખુ છુ કે આ નાટકના ગુજરાતભરમાં વધુને વધુ પ્રયોગો થાય. આજે દીપ પ્રાગટ્ય કરતી વખતે ટાઉનહોલમાં વર્ષો પહેલા મેં કરેલો મારો અભિનય મારા સ્મૃતિપટમાં અંકિત થઈ ગયો જે માટે હું શબ્દશ્રી અને હરદ્વાર ગોસ્વામીનો આભાર માનુ છુ.'

નાટક 'મિસિસનો મિસલોકલ'માં મિસિસનું પાત્ર ક્રિના શાહ અને મિસ્ટરનું પાત્ર નિશિથ બ્રહ્મભટ્ટ નામના કલાકારે આબાદ અભિનય કર્યો છે. અન્ય કલાકારોમાં હરેશ ડાધિયા, ચેતન દૈયા, દિનેશ પ્રજાપતિ, નિધિ ઉપાધ્યાય, મિતેષ પ્રજાપતિ અને દર્શન ઠાકર છે. આ નાટકના રક્ષા શુકલ લિખિત ટાઈટલ સોંગને આદિત્ય ગઢવીએ ગાયુ છે અને જીતીન અમીને સંગીત આપ્યું છે. નાટકનું દિગ્દર્શન મનિષ વૈદ્યે કર્યુ છે. નારી સંવેદના સાથે સામાજિક કોમેડી નાટક 'મિસિસનો મિસકોલ' ને પ્રેક્ષકોએ તાળીઓ પાડીને વધાવ્યું હતું.

શબ્દશ્રીના નિર્માતા હરદ્વાર ગોસ્વામી કહે છે કે, 'આજના વ્યસ્ત જીવનમાં પતિ કે પત્ની એક બીજાને કશુંક કહેવા માટે પણ ઘરમાં સમય મળતો નથી એવી તમામ ખાટી મીઠી વાતો અમે આ નાટકમાં પતિ પત્નીને સંભળાવવા માટે વણી છે. આ નાટક રજુ કરવાનો હેતુ વધુને વધુ દર્શકો પાસે પહોંચીને માત્ર મનોરંજન પિરસવાનો છે.'

# સેક્ટર-૩૦ મુક્તિધામમાં વાંચકો માટે વાંચનાલય બનાવાયુ

## શહેરમાં સે. ૨૧, સે. ૧૭ બાદ ત્રીજી લાયબ્રેરી ખુલી : ચિલોડા, પેથાપુર, દહેગામના વિદ્યાર્થીઓને નજીક પડશે

ગાંધીનગર, તા. ૯

રાજ્યમાં સરકારી ક્ષેત્રે અલગ અલગ વિભાગમાં ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. શહેરમાં સરકારી ભરતી માટેના ક્લાસીસ મોટા પ્રમાણમાં આવેલા છે. જેના કારણે અલગ અલગ જિલ્લામાંથી ઉમેદવારો પરીક્ષાની તૈયારી માટે ગાંધીનગરમાં ઉતારો કર્યો છે. યુવક-



યુવતીઓ મોડી રાત સુધી લાયબ્રેરીમાં વાંચન કરી રહ્યા છે. નગરમાં વધુ એક લાયબ્રેરી મુક્તિધામ-સેક્ટર-૩૦ ખાતે ખુલ્લી મુકવામાં આવી છે. જેનો લાભ લેવા જુસિકાએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦ સ્થિત મુક્તિધામ ખાતે લાયબ્રેરીનો શુભારંભ કરવામાં આવ્યો છે. મુક્તિધામ સ્થિત પ્રાર્થના હોલ ઉપરના માળે એકસોથી વધુ યુવક-યુવતિઓ વાંચી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. મુક્તિધામની લાયબ્રેરીમાં વિદ્યાર્થીઓને ઉપયોગી પુસ્તકો મુકવામાં આવ્યા છે.

વાંચનમાં અગવડતા ન પડે તે માટે વિદ્યાર્થીઓ માટે પંખા, ઠંડા પાણીનું કુલર, ટેબલ-ખુરશી સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ શાંત વિસ્તારમાં વિદ્યાર્થીઓને વાંચવામાં પણ ખલેલ ન પડે તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે.

ગાંધીનગરને પાટનગરની સાથે સાથે શિક્ષણનું ધામ ગણવામાં આવે છે. શહેરમાં મોટી-મોટી શિક્ષણીક સંસ્થાઓ દ્વારા સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે. હાલના સમયમાં સરકારના વિવિધ વિભાગોમાં ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. તેના કારણે શહેરમાં ક્લાસીસોની સંખ્યા વધુ છે.

પાટનગરની શિક્ષણની સુવાસ એટલી ફેલાયેલી છે કે અલગ અલગ જિલ્લામાંથી યુવક યુવતિઓ અભ્યાસ કરવા ગાંધીનગરમાં આવી રહ્યા છે. તેના કારણે નગરની સેક્ટર-૨૧ અને સેક્ટર-૧૭ સ્થિત લાયબ્રેરી વાંચકોથી ઉભરાય છે. ત્યારે મુક્તિધામ સેક્ટર-૩૦ સ્થિત લાયબ્રેરી વાંચકોને ખુબજ ઉપયોગી નિવડશે તેમજ ચિલોડા, દહેગામ, પેથાપુર તેમજ નજીકના સેક્ટરના વાંચકોને વધુ નજીક પડશે. તેથી આ લાયબ્રેરીનો ઉપયોગ કરવા વાંચકોને જુસિકાના જીલુભા ધાધલે જણાવ્યું છે.



લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ચાલુ સપ્તાહ દરમિયાન કેજીથી ધો-૧૧ સુધીના તમામ બાળકો માટે વાર્ષિક રમતોત્સવું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ લીંબુ ચમચી, ત્રિપગી દોડ, મટકાફોડ, સંગીત ખુરશી, રસ્સા ખેંચ, ૧૦૦ મી. દોડ, ગોળા ફેંક, ઉંચી કુદ, લાંબી કૂદ, ક્રિકેટ તથા અલગ અલગ પ્રકારની એક મિનિટની રમતમાં આનંદ તથા ઉત્સાહભેર ભાગ લીધો હતો. વાર્ષિકોત્સવમાં વિજેતા વિદ્યાર્થીઓને રમત પ્રમાણે શાળા દ્વારા સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

# મહિલાઓ પુરુષ સમોવડી બની તેમની સાથે કદમ મિલાવી રહી છે ત્યારે નાનામાં નાનું કામ કરનાર મહિલાને બિલદાવીએ અને તેની કાર્યક્ષમતાને સલામ કરીએ એ જ 'Women 's Day'ની સાચી ઊજવણી!

**નારી !**
**તું જ લખ તારી રામાયણ અને**
**સીતાની સાથે રામને અગ્નિપરીક્ષા માટે તૈયાર કર.**
**તું જ લખ તારું મહાભારત અને**
**ધર્મરાજ સમેત પાંચ પાંડવોને દાવમાં લગાવી દે !**
**હવે તું જ લખ કુરાન પેગંબર બની અને**
**બધા જ પુરુષોને બુરખો ઓઢાડી દે.**

કવયિત્રી નલિની માડગાંવકરના આ શબ્દો એક બળવાખોર સ્ત્રીની આક્રમક અભિવ્યક્તિ છે! નારી સશક્તિકરણ અને મહિલા ઉત્થાનના આ તબક્કે પણ જો કે આ વાતો અસંભવ જ છે! એક સ્ત્રી દરેક ક્ષેત્રમાં કુશળતાપૂર્વક પોતાની તમામ જવાબદારીઓને નિભાવી જાણે જ છે અને માટે જ તેના માટે કહેવાયું છે કે,

કાર્યેષુ દાસી, કાર્યેષુ મંત્રી, ભોજ્યેષુ માતા, શયનેષુ રંભા, કૃપયેષુ લક્ષ્મી!

સ્ત્રી એ પુત્રી, પત્ની, માતા, પુત્રવધુ એમ વિવિધ સ્વરૂપે પોતાની ફરજ સુપેરે અદા કરે છે. પહેલાના સમયમાં જયારે સ્ત્રીઓ માટે શિક્ષણ વર્જ્ય હતું અને તેઓને માત્ર ગૃહકાર્ય તેમજ રસોઇકળામાં જ રચ્યા- પચ્યાં રહેવું એવું માનવામાં આવતું. અને સામાજિક તેમજ રાજકીય પરિવર્તનના એ સમયમાં રૂઢિચુસ્ત પ્રજામાનસ જયારે સંકુચિત વલણોથી સભર હતો, ત્યારે તે સમયમાં ભારતીય સંત કવયિત્રીઓમાં મીરાંનું નામ વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધિ પામ્યું છે. મીરાની પદકવિતા લોકજીભે ચડીને છેક ૧૫મી - ૧૬મી સદીથી માંડી આજપર્યંત જીવંત સ્ત્રોતરૂપે સમયના અખંડિત પ્રવાહ સાથે અખંડરૂપે વહેતી રહી છે. મેવાડની સામ્રાજ્ઞી મીરાંને વૈભવ લલચાવી શકતો નથી. સામાન્ય સ્ત્રીનું મન જે વૈભવ જોઇ સ્થૂળ આનંદમાં સરી પડે તેવું મીરાંની બાબતમાં બનતું નથી. મીરાનાં પદોમાં સર્વદા કૃષ્ણ પ્રાપ્તિ માટેનો તલસાટ, વિરહની વિહ્વળતા, સ્નેહસંવેદનાની ઉત્કટતા ઘેલછારૂપે પમાય છે. ઘેલા થવાનું ગૌરવગાન કરતું મીરાનું આ જાણીતું પદ તેની પ્રતીતિ કરાવે છે :

"ઘેલાં અમે ઘેલાં રે, અમને ઘેલામાં ગુણ લાધ્યો
આગે તો અમે કાંઇ નવ જાણ્યું, મન માયામાં બાંધ્યું
ઘેલાં તો અમને હરિએ કીધાં, નિર્મળ કીધાં નાથે,
પૂર્વજન્મની પ્રીતડી અમને, હરિએ ઝીલ્યાં હાથે."

તેવું જ અન્ય એક નામ તે ગંગાસતી. ગંગાસતી એક સામાન્ય ગ્રામીણ મહિલા હતા. તેઓ સંત હતા, ભક્ત હતાં અને કવયિત્રી પણ હતા. આધ્યાત્મના ઊંચે શિખરે પહોંચેલા ગંગાસતીએ તેમની આજીવન સેવા કરનાર આત્મજ્ઞાનની પ્યાસથી ભરેલા પાનબાઇને ભક્તિના પાઠ ભણાવ્યા. તેમણે પાનબાઇને ભક્તિ, યોગ અને જ્ઞાનની ઊંડી સમજ આપતા ભજનોની રચના કરી. જીવન જાગૃતિ માટે જરૂરી પુરુષાર્થ, સંયમ, ત્યાગ, વૈરાગ્ય, અભય, સંત અને ગુરુ સેવાના પાઠ ભણાવ્યાં.


**"મેરુ રે ડગે ને જેનાં મન નો ડગે,**
**મરને ભાંગી રે પડે ભરમાંડ રે.**
**વિપદ પડે પણ વણસે નહિ,**
**ઇ તો હરિજનનાં પરમાણ રે.**

**ભાઇ રે ! ભગતિ કરો તો એવી કરજો પાનબાઇ,**
**રાખજો વચનુંમાં વિશ્વાસ રે;**
**ગંગાસતી એમ બોલિયાં રે,**
**તમે થાજો સત ગુરુજીના દાસ રે...."**

## વિચારસભા

## નારી! તું નારાયણી

- નેહલ જયદીપ ગઢવી



સાવ સરળ અને સીધી-સાદી ભાષામાં જીવનના ગૂઢ રહસ્યો આ સ્ત્રીઓએ પોતાની કોઠાસૂઝ દ્વારા દુનિયાને દર્શાવી! તેમણે કોઇ કોલેજ કે યુનિવર્સિટીમાં ડીગ્રી ન મેળવી છતાં તેમનું આ ધરતી પરનું અવતરણ વીજળીના એક ચમકારા સમાન પુરવાર થયું. ગંગાસતીનાં ભજનોમાં સમગ્ર વેદાંતનો અર્ક દૃષ્ટિગોચર થયો. આવી આંતરિક કોઠાસૂઝ ધરાવતી કેટલીય મહિલાઓ ઇતિહાસમાં પોતાની ઓળખને અમર બતાવી દે!

જો કે, આજે સ્ત્રીઓમાં, તેમની પરિસ્થિતિમાં અને તેમની પ્રગતિમાં ખૂબ નોંધનીય ફેરફારો થયા છે. આજના યુગની નારી પોતાની સાચ્ચી ઓળખ, પોતાનું અસ્તિત્વ શોધી રહી છે. તેને જીવનના અર્થને પામવો છે. આજે તેને પ્રતીતિ છે કે તેની ભીતર શક્તિનો એક અખૂટ-અપાર મહાસાગર ઘુઘવી રહ્યો છે! તે સ્વનિર્ભર બની છે અને પોતાના સ્વતંત્ર અસ્તિત્વની સ્વામિની છે. આજે મોટા ભાગની સ્ત્રીઓએ ઘરની ચાર દિવાલો છોડીને જાહેર જીવનમાં પ્રવેશ કર્યો છે. ગંગાસતી પાનબાઇથી માંડીને મલાલા સુધીની નારીની આ સફર અત્યંત રોમાંચક રહી છે. અનેક ક્ષેત્રોમાં પ્રથમ હરોળમાં રહીને તેણે પોતાનું કૌશલ્ય સાબિત કર્યુ છે અને સમાજને તેના પ્રત્યે ગર્વ મહેસૂસ કરાવ્યો છે.

મહિલાઓ જો શિક્ષણ મેળવશે તો જ ચાર દિવાલોમાંથી બહાર નીકળી શકશે. એ જરૂરી નથી કે શિક્ષણ સ્ત્રીને સ્વચ્છંદી બનાવે, ઉલ્ટું તે અસ્તિત્વના વિકાસમાં મદદરૂપ બને છે. સ્ત્રીએ ઘર અને શિક્ષણ તથા કુટુંબ એમ ત્રણ બિંદુઓને સંતુલિત કરવા પડે છે. મહિલા સશક્તિકરણ તેમજ મહિલા વિકાસની વાતો ઘણી થાય છે પરંતુ, એ દિશામાં હજુ ઘણી જાગૃતિ આણવાની જરૂરિયાત વર્તાય છે. વિનોભા ભાવે કહે છે કે માત્ર ધ્રુવનો તારો જોયા કરવાથી નહિ ચાલે. તે દિશામાં ચાલવું પડશે. સ્ત્રી પર થતાં અત્યાચારો હવે મૂંગા મોઢે સાંખી લેવાતા નથી. પ્રકૃતિએ નારીમાં સ્નેહશીલતા, સુકોમળતા અને સૌમ્યતા ભરી છે તે એની નબળાઇ નથી, ગુણ છે. વર્તમાન યુગ એટલે નારી જાગરણનું પરોઢ. જો કે, આ દિશામાં હજુ ઘણા પ્રયાસો કરવા જરૂરી છે. ઘણી સ્ત્રીઓમાં શક્તિનો અખૂટ સ્તોત્ર છુપાયેલો છે પરંતુ, પ્રતિકૂળ પરિસ્થિતિને કારણે આજે પણ તે ઘરના છાના ખૂણે આંસુ સારીને - મન મારીને જીવી રહી છે. કવયિત્રી પન્ના નાયક માટે જ લખે છે :

**"તરફડાટ એટલે ?**
**તમે કહેશો,**
**જલ બહાર આણેલા**
**કોઇ મીનને પૂછી જુઓ !**
**પણ ઘૂઘવતા ઉદ્‌ધિના ભીતર**
**જે**
**કોરું કોરું તરફડે,**
**એને તમે શું કહેશો?"**

૮મી માર્ચને 'Women's Day' તરીકે ઉજવવા માત્રથી મહિલાઓની સ્થિતિમાં સુધારો ન થઇ શકે, સૌએ સાથે મળીને આ દિશામાં નક્કર પ્રયાસો હાથ ધરવા રહ્યા! 'વર્કિંગ વુમન' એ માત્ર ડોકટર કે એન્જિનિયર મહિલાઓ માટે જ નહિ, ઘરકામ કરવા આવનાર મહિલા પણ છે જ અને તે પણ ઘરના અર્થતંત્રનો ભાર સ્વેચ્છાએ સ્વીકારે છે માટે તે તમામ મહિલાઓને ઘરના અન્ય સભ્યો દ્વારા યોગ્ય સહકાર મળે તે અત્યંત આવશ્યક છે. જો કે, સ્વચ્છંદી કે ઉદ્ધત વર્તન પુરુષ કે સ્ત્રી બંનેનું વર્જ્ય જ ગણવું રહ્યું! મહિલાઓ પુરુષ સમોવડી બની તેમની સાથે કદમ મિલાવી રહી છે ત્યારે નાનામાં નાનું કામ કરનાર મહિલાને બિલદાવીએ અને તેની કાર્યક્ષમતાને સલામ કરીએ એ જ 'Women's Day' ની સાચી ઊજવણી!